Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

દોહરો.

આત્મવૃત્તિ નિર્મલ કરે, આપે તત્વ વિકાશ;
આત્માને આરામ દે, આત્માનંદ પ્રકાશ.

પુસ્તક ૪ થું. ફાગણ. વિક્રમ સંવત્ ૧૯૬૩ અંક ૮ મો.

## પાંચમી કોન્ફરન્સનું વિજય ગીત.

( " ઓધા નંદનોછોરો તે નમેરો થયોજો " એ રાહ " )

થયો વિજય રાજનગર જૈન સંઘનો જો,
બન્યો ત્યાં ઉમંગ રાગ[1] સર્વ સંગનો[2] જો, એ ટેક.
વિજય ગર્જનાથી ઘોર ગગન ગાજીયું જો;
વીર ધર્મ કેરૂં વિજય વાદ્ય[3] વાગીયું જો. થયો વિજય. ૧
શોભા સ્વર્ગની બની સમાજ મંડપે જો;
તેજ વિશ્વ સંઘનું વિશેષ ત્યાં તપે જો. થયો વિજય. ૨
ધર્મ કીર્તિ ત્યાં ગજાવિ વીર ગુર્જરે જો;
સધર્મ બંધુ સેવના કરી મહા[4]દરે જો. થયો વિજય. ૩
બંગ[5] દેશ વીર શ્રી શિતાબચંદ્રને જો;

૧ આનંદ. ૨ સર્વના મેલાપનો. ૩ વાજું. ૪ મોટા આદરથી. ૫ બંગાલા દેશના વીર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધન્ય વિશ્વ સંઘના બન્યા મહેંદ્રને જો. થયો વિજય ૪
ભવ્ય ભાષણોની ભારિ ભવ્યતા બની જો;
સુણી ભવ્ય વૃત્તિ બની જૈનકોમની જો. થયો વિજય ૫
ધર્મ કર્મની સુધારણા બની ઘણી જો;
થયા ત્યાં ઠરાવ તે સુકાર્યને ગણી જો. થયો વિજય ૬
ઉદય વીર ધર્મનો વિશેષ જામિઓ જો,
સર્વ જૈન વર્ગ ત્યાં વિનોદ પામિઓ જો. થયો વિજય. ૭
ગુર્જર કરી ઉદારતા-ઉમંગથી જો,
અપાર વૃષ્ટિ [1] વિત્તની કરી [2] અભંગથીજો. થયો વિજય. ૮
શ્રાવિકા સમાજ ત્યાં પછી સુખે મળ્યો જો;
ધર્મ [3] કલ્પવૃક્ષ સુંદરી તણો ફલ્યો જો. થયો વિજય. ૯
જૈન બંધુ કોન્ફરન્સ ભક્તિ રાખજો જો;
સુધારણા તણા ફલો સદૈવ ચાખજો જો. થયો વિજય. ૧૦
કોન્ફરન્સનો પ્રતાપ પ્રૌઢ જામજો જો;
ઉદય ભારતે [4] અપાર નિત્ય પામજો જો. થયો વિજય. ૧૧
જૈન બંધુઓ ઉમંગ અંગ ધારજો જો;
કષાય ને કુસંપ તે સ્થલે [5] વિહારજો જો. થયો વિજય. ૧૨
છઠી એ સમાજ શ્રેષ્ઠતાથી આવશે જો;
ભાવનગર ભાવનાથી તે વધાવશે જો. થયો વિજય. ૧૩

# પાંચમી જૈન કોન્ફરન્સ.

પવિત્ર જૈન ધર્મના તીર્થરૂપ અને ગુજરાતનાં વિખ્યાત રાજનગરમાં પાંચમી જૈન કોન્ફરન્સનો મહોત્સવ ઘણાં ઉમંગથી ઉજવવામાં આવ્યો છે. રાજનગરની પવિત્ર ભૂમિ ઉપર થયેલા આર્હત ધર્મના જય નાદે ગગનની ચારે દિશાઓને ગજાવી

૧ પૈસાની, ૨ ભંગ ન થાય તેમ ૩ ધર્મરૂપી કલ્પવૃક્ષ ૪ ભરતખંડમાં, ૫ વિસારી દેજો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે. ગુર્જર જૈન વીરોએ અંગમાં ઉમંગ લાવીને સાધર્મિ બંધુઓની આગતાસ્વાગતા સારી રીતે કરી છે. ભારત વર્ષના જૈન પ્રતિનિધિઓની વૈયાવચ્ચ કરવામાં ગુર્જર જૈન વીરોએ ઉત્તમ પ્રકારે ધન્યવાદ સંપાદન કર્યો છે. જૈન કોન્ફરન્સે પોતાનું કામ નિર્વિઘ્ને પ્રસાર કરી આર્હત ધર્મની ઉજ્વલ કીર્તિને ભારતના ચારે ખુણામાં પ્રસરાવી છે. દીલ્લી દરવાજાની બાહેરની ભૂમિ ઉપર નાખેલા ભારતની જૈન સમાજના મનોહર ભવ્ય મંડપે સાંસારિક સમવસરણની સુંદર શોભા ધારણ કરી છે. સાધર્મિ બંધુઓની સેવામાં સામેલ થયેલા બાલ અને તરૂણ વોલંટીયરોની મોટી સેનાએ કોન્ફરન્સને સહાય કરવાનું મહાભારત કામ આનંદ પૂર્વક બજાવ્યું છે. એકંદર ભારતના આર્હત મંડળે ઇતર પ્રજાને ચકિત કરવા સાથે પ્રત્યેક ધર્મની પ્રજાને આવા સ્વકર્તવ્યનું મહા શિક્ષણ દર્શાવી આપ્યું છે.

આ વિજયવતી જૈન કોન્ફરન્સે પોતાની આ પાંચમી બેઠકમાં દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવ એ ચાર પ્રકારને પૂર્ણ રીતે સાચવીને પોતાનું કાર્ય નિર્વિઘ્ને અને સંતોષ સાથે પ્રસાર કર્યું છે, તેને માટે દરેક જૈન બાલ, તરૂણ અને વૃદ્ધ ખુશી થયા વિના રહેશે નહીં. હવે સર્વને ખાત્રી થશે કે, આ કોન્ફરન્સની સ્થિતિ ચિરકાલ રહી જૈનોની ધાર્મિક તથા સાંસારિક સ્થિતિને ઉન્નતિમાં લાવવાના પ્રયત્નો કર્યા કરશે અને તેમાં તે કેટલેએક અંશે સફળ પણ થઇ શકશે. કારણ કે, આજ સુધીમાં થયેલી બેઠકોમાં કોન્ફરન્સે ઉત્તરોત્તર ઉત્કર્ષ સંપાદન કર્યો છે. અને તેના બંધારણમાં સારા સારા નિયમો ઘડી જૈનવર્ગની અધિક પ્રીતિ પ્રાપ્ત કરી છે.

આ વિજયવતિ જૈન મહા સમાજમાં આ વખતે કેટલાએક અસાધારણ અને માનનીય કાર્યો બન્યાં છે કે, જેની નોંધ લેતાં અમોને અપાર આનંદ ઉત્પન્ન થાય છે. પેહેલા દિવસની બેઠકમાં સ્વાગત કમીટીના પ્રમુખનું ભાષણ ઘણુંજ મનન કરવા યોગ્ય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હતું. વિશ્વના સમસ્ત સંઘનો સત્કાર કરવાને સજ્જ થયેલા એ ગૃહસ્થે, પોતાના ભાષણમાં કેટલાએક સારા ઇસારા કરી જૈન વર્ગને ઉત્તમ સૂચના આપી છે. તેમાં કેલવણી, અને કોન્ફરન્સની આવશ્યકતા વિષે તેમણે જે વિચારો દર્શાવ્યા છે, તે દરેક જૈન વ્યક્તિએ ધ્યાનમાં રાખવા યોગ્ય છે. કોન્ફરન્સની આવશ્યકતાને માટે ઐકયની કેટલી જરૂર છે, તે વિષે કહેવામાં આવેલા વાકયો પ્રત્યેક જૈન અગ્રેસરોએ હૃદયમાં સ્થાપિત કરવાના છે. જો વિજયવતી જૈન કોન્ફરન્સને દીર્ઘાયુષ્ય કરવી હોય અને એ મધુર કલ્પલતાના વાંછિત અને મીઠાં ફળ ચાખવાં હોય તો તેમાં ઐકયતારૂપ જલનું સિંચન કરવાની જરૂર છે. દરેક જૈને પોતાના હૃદયમાં નિશ્ચયથી જાણવાનું છે કે, ઐકય એ સમસ્ત કાર્યોને સાધનાર અને દુર્લભને સુલભ કરનાર મહામંત્ર છે. ઐકયરૂપ ખડ્ગથી વિશ્વનો સંહાર કરે તેવા સમર્થ ક્રુર પુરૂષોનો પણ ક્ષણમાં છેદ થઇ જાય છે. ઐકયથી આખા વિશ્વની સત્તા પણ સંપાદન થઇ શકે છે. અને ઐકયના મહા તેજથી સર્વ જાતના અંતરાયરૂપ અંધકારનો નાશ થઇ જાય છે.

કેળવણી વિષે કરવામાં આવેલા ઉત્તમ ઇસારામાં પણ દરેક જૈન વ્યક્તિએ તે પોતાના ધ્યાન માર્ગમાં લેવાનું છે. જ્ઞાનની મહત્તા વિષે જેટલું કહીએ તેટલું થોડું છે. જૈનોની જેટલી પ્રવૃત્તિ વ્યાપાર કલામાં છે, તેટલી પ્રવૃત્તિ જ્ઞાન તરફ નથી, એ તો ઉઘાડીજ વાત છે. જો કે વ્યાપારની કલા સર્વોત્તમ છે, કારણ કે, તે કલાની અંદર વિશ્વની મહાલક્ષ્મી નિવાસ કરીને રહેલી છે અને લક્ષ્મીના વિલાસની અંદર સર્વની ધાર્મિક તથા સાંસારિક ઉન્નતિ રહેલી છે, તો પણ જ્ઞાનના દિવ્ય તેજની આગળ લક્ષ્મીનું તેજ ઝાંખું છે. જો ધન અને જ્ઞાન બંનેની લક્ષ્મી સંપાદિત થઇ હોય, તો તેથી કેવો મોટો મહાન્ લાભ થાય તેનું વર્ણન પણ થઇ શકતું નથી. એ લાભ અનિર્વચનીય અને અવર્ણ્ય છે. તેથી સિદ્ધ થાય છે કે, દરેક જૈને કેળવણી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લેવાની જરૂર છે. કેળવણી એ લોક તથા લોકોત્તર વાંછિત ફળને આપનારી કલ્પલતા છે. જ્યાં સુધી એ કલ્પલતાનું સેવન બરાબર થશે નહિ, ત્યાં સુધી જૈન વર્ગની સાંસારિક અને ધાર્મીક ઉન્નતિ કોઇ રીતે થઇ શકશે નહીં. જો માત્ર એક કેળવણીનીજ પરમ શુદ્ધ ભાવથી ઉપાસના કરવામાં આવશે તો જૈનવર્ગ પોતાની સર્વ જાતની ઉન્નતિ સ્હેલાઇથી સંપાદન કરી શકશે.

" આ વિજયવતી કોન્ફરન્સ કેવાં કેવાં ઉત્તમ પ્રકારનાં કામ કરી શકે છે? તેની શીતલ છાયામાં રહેવાથી કેવાં કેવાં ઊતમ ફલ મેળવાય છે? અને તેની આરાધના કેવી ઇષ્ટ વસ્તુને આપનારી છે?" એ બધી વાત સમજવાની શક્તિ કેળવણીથી પામી શકાય છે. કેળવણી પામેલી જૈન પ્રજા કોન્ફરન્સની આવશ્યકતા અને તેના હેતુઓ સમજી કોન્ફરન્સની વિશેષ ભક્તિ કરે છે અને તેથી કરીને કોન્ફરન્સ પોતાનું કાર્ય ઘણી દ્રઢતાથી આગળ ચલાવી શકે છે.

જોકે સાંપ્રતકાલે દરેક મોટા શેહેરોમાં અને ગામોમાં જૈન વર્ગના અગ્રેસરો—પુરાતની રૂઢિને માન આપનારા શ્રીમંતો કોન્ફરન્સથી કેવા લાભ થાય છે એ બાબત્ત સમજતા થયા છે, તો પણ અજ્ઞાનતાના દોષથી કોઇ ગૃહસ્થો કોન્ફરન્સ તરફ પોતાનો અણગમો બતાવતા હશે, તેનું કારણ કેળવણીનો અભાવજ છે. જો તેમનામાં કેળવણી સ્થાપિત થઇ હોય તો તેઓ કદિ પણ અણગમો બતાવે નહીં તેમજ કેળવણીના સુંદર પ્રકાશથી તેમના હૃદયમાંથી અજ્ઞાનરૂપી અંધકાર દૂર થઇ ગયો હોય, તેથી કરીને તેઓકોન્ફરન્સના પરમ ભક્ત બનેછે, તેથી કેળવણીનું પોષણ કરવાને કોન્ફરન્સ જેટલું મથન કરે, તેટલું, તેના ભવિષ્યના સારા લાભને માટેજ છે, માટે કોન્ફરન્સે કેળવણીનો વિષય જે હાથ ધર્યો છે, તે અવશ્ય તેના પોતાના ઉત્કર્ષને માટે થઇ પડયા વગર રહેશે નહીં.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તે શિવાય સત્કાર મંડળના પ્રમુખે **મહિલા પરિષદને** માટે જે સૂચના કરી છે, તે સર્વથી વધારે માનનીય છે. સ્ત્રી કેળવણીના મહાન્ લાભો સર્વને વિદિત છે. તે વિષે જેટલું કહીએ તેટલું થોડું છે, તેમાં ખાસ કરીને જૈન પ્રજા સ્ત્રી કેળવણીમાં ઘણીજ પછાત છે. શ્રાવિકાઓ સદ્બોધવતી થશે તોજ શ્રાવક સંસાર ઉન્નતિને પામશે. શ્રાવક બાલાઓ, કે જેઓ ભવિષ્યમાં શ્રાવકમાતાઓ થવાની છે, તેઓમાં જો કેળવણીનાં બીજ વાવવામાં આવે તો ઉતરોતર શ્રાવકોના સંતાનો કેળવણીને સંપાદન કરનારા થાય અને પછી શ્રાવક પ્રજા કેળવણીના મહા બલથી પોતાની ધાર્મિક અને સાંસારિક ઉન્નતિ કરી શકે.

પૂર્વે જૈન પ્રજા આર્ય પ્રજામાં જે શ્રેષ્ઠ પદ ભોગવતી હતી, તેનું કારણ સ્ત્રી કેળવણીજ હતું. તે વખતે શ્રાવિકાઓ પોતે સદ્ વિદ્યા ધારણ કરી નીતિ તથા ધર્મનો બોધ આપી શકતી હતી. કેળવણીના પ્રભાવથી તેમનામાં સારા સારા ગુણો પ્રાપ્ત થતા હતા. તે વખતે કોઇ શ્રાવક સંતાન એવું ન હતું કે, જેણે પોતાની માતા પાસેથી શિક્ષણ મેલવ્યું નહોય. વિવાહને લાયક એવી વયમાં તો બાલાઓ સંસ્કૃત ભાષામાં પ્રવીણ થઇ જતી હતી. બાલ શ્રાવિકા પોતાના પતિના ગુણનું પરીક્ષણ જાતે કરતી અને પતિના ગુણથી સંતુષ્ટ થઇ સ્વયંવર કરતી હતી. જેને માટે જૈન ચરિતાનુયોગના ગ્રંથોમાં અને રાસોમાં અનેક દાખલાઓ મલી આવે છે, તેમાં ઘણે પ્રસંગે ચાતુર્ય ભરેલી સમસ્યાઓ અને કવિતાઓ પરસ્પર પુછી વિદ્વત્તાની પૂર્ણ પરીક્ષા કરી દંપતીભાવ સંપાદન થયેલા જોવામાં આવે છે.

આજકાલ કેળવણીનો યુગ ચાલે છે, તેમાં જો આપણો શ્રાવિકા વર્ગ કેળવાયેલ થાય તોઆપણો જૈન ધર્મ અને સંસાર નમુનેદાર નીકલે તે નિઃસંદેહ વાત છે. આ યોજનાને માટે જૈન કન્યાશાળાઓ મોટા પાયા ઉપર સ્થાપિત થવાની જરૂર છે અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેમાં નવીન પદ્ધતિથી ધર્મનો અને સંસારનો સ્હેલાઇથી બોધ મલે તેવી પાઠમાળા કે વાંચનમાલાની યોજના જો ઘડવામાં આવે તો જૈન પ્રજામાં બેશક સ્ત્રી કેલવણી જોસભેર વૃદ્ધિ પામે એ નિઃશંકજ સમજવું.

આ પ્રમાણે સત્કાર મંડલના પ્રમુખે બતાવેલી સૂચનાઓનું ઉપયોગી વિવેચન પૂર્ણ કરી હવે અમે પ્રમુખના કીંમતી શબ્દોનું સારરૂપ વિવેચન કરવાની આવશ્યકતા ધારીએ છીએ.

આ પાંચમી જૈન કોન્ફરન્સને વિશેષ ધન્યવાદ આપવાનું બીજું મોટું કારણ પ્રમુખપદનું છે. કોન્ફરન્સે આ વખતે એક સારો પ્રતિષ્ઠિત અને બ્રીટીશ શેહેનશાહ તરફથી સન્માનિત થયેલ સર્વોત્તમ નેતા સંપાદન કર્યો છે. આજીમગંજ નગરના એક મોટા જાગીરદાર, વિદ્વાન અને સુશિક્ષિત પુત્રોના પિતા અને ધાર્મિક કાર્યોમાં સહાય આપનાર **રાય બાહાદૂર સીતાબચંદજી** ભારતના જૈન સંઘનું અગ્રણીપદ પામવાને ભાગ્યશાળી થયા છે, તે તેમના શ્રાવક જીવનનું સાફલ્ય કરનારી મોટી બીના છે. એ ધર્મવીર અને ઉદાર ગૃહસ્થે સમસ્ત વિશ્વના સંઘના પ્રમુખ પદને છાજે તેવું ઘણું છટાદાર અને બોધનીય ભાષણ કરેલું છે. તેમના ભાષણનો નિષ્કર્ષ દરેક જૈન વ્યક્તિને મનન કરવા યોગ્ય છે એ બંગાલી બાહાદૂર ગૃહસ્થે કોન્ફરન્સના વિદ્વાન્ પ્રતિનિધિઓને જૈન કોમના હિતને પૂરી પુષ્ઠિ મલે તેવાં ઉપદેશ વચનો ઉચ્ચાર્યા છે. તેમાં ખાસ કરીને ધર્મ સહિત સાંસારિક શિક્ષણ વિષેના તેમના વિચારો સર્વ જૈનોને મનોમંદિરમાં સ્થાપિત કરવા યોગ્ય છે.

આજ કાલ રાજકીય પાઠશાલાઓનું ધર્મ વગરનું કેવલ શુષ્ક શિક્ષણ મેલવી ચંચલ મનના તરૂણો ધર્મથી અજ્ઞાત રહે છે અને ધર્મ તરફ અનાદર બતાવવામાં તત્પર થાય છે, તેઓને ધર્મનું સંગીન જ્ઞાન મેળવવાની કેટલી આવશ્યક્તા છે, એ વાત એ માનવંતા પ્રમુખના ભાષણ ઉપરથી જાણી શકાય છે, તેમજ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જૈનોના પૂર્વાચાર્યોએ મહાન્ પ્રયાસ કરી રચેલા સદ્બોધક અને ઉપયોગી મોટા ગ્રંથો કે જેઓ ભંડારરૂપ કારાગૃહમાં પડયા પડયા વિચ્છિન્ન થઇ જાય છે, તેમનો ઉદ્ધાર કરવા બાબત ઉદ્ભૂત થએલા પ્રમુખના વચનામૃતો ખરેખર શ્રવણવડે પાન કરવા યોગ્ય અને હૃદયવડે ગ્રહણ કરવા યોગ્ય છે. આ શિવાય જૈન ધર્મની વાંચનમાળા, જૈનસેન્ટ્રલ કોલેજ, જૈન બોર્ડીંગ, શિલ્પ કલાનું શિક્ષણ, સ્ત્રી કેળવણી, સંપ, જૈન બેન્ક અને હાનિકારક રીવાજો વિષે પ્રમુખે જે જે સૂચનાઓ આપી છે, તે દરેક જૈન વ્યક્તિએ મનન કરવા યોગ્ય અને પ્રવર્ત્તન કરવા યોગ્ય છે.

પ્રમુખના મુખ કમલમાંથી નીકલેલાં વચનો આપણા જૈનોની ધાર્મીક અને સાંસારિક ઉન્નતિને સૂચવનારા અને તેના યોગ્ય અધિકાર તથા દરજ્જાને દર્શાવનારા છે, એમાં તો કોઇ જાતનો શક નથી. અમારે કહેવું જોઇએ કે, રાય બાહાદૂરસિતાબચંદ્રજી એક ખરેખરા ધર્મ ચુસ્ત અને રાજ્યમાન ગૃહસ્થ હોઇ તેઓએ સર્વ રીતે પ્રમુખ પદને ઘટે તેવા ઉદ્ગાર કાઢેલા છે.

સત્કાર મંડળના અગ્રેસર અને કોન્ફરન્સના પ્રમુખના વચનો ઊપર જેટલું વિવેચન કરીએ તેટલું થોડું છે, તેમના મુખમાંથી નીકળેલા પ્રત્યેક વચન કિંમતી છે, અને વ્યવહાર નયે સૂત્ર રૂપ છે. જો તે ઉપર ભાષ્ય કરવા બેસીએ તો મોટા ગ્રંથોના ગ્રંથો ભરાય તેવું છે.

હવે આ પાંચમી કોન્ફરન્સના બીજા કાર્ય ઉપર અલ્પ વિવેચન કરી અમે આ લેખની સાર્થકતા સંપૂર્ણ કરવાની આવશ્યકતા ધારીએ છીએ. વિજયવતી કોન્ફરન્સે આ વખતે પ્રસાર કરેલા ઠરાવો તરફ જોતાં જણાય છે કે, તેની અંગભૂત સબજેકટ કમીટીએ ઘણી દીર્ઘ દૃષ્ટિ વાપરી કોન્ફરન્સના કાર્યને સંપૂર્ણ રીતે દીપાવ્યું છે. જો કે કેટલાએક ઠરાવો અમલમાં મુકાતા નથી અને તેમનું માત્ર આવર્ત્તનજ થયા કરે છે, તેવા ઠરાવોને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તદન વીસરી જઇ નવા નવા ઠરાવો પ્રસાર કરવા એ પણ યોગ્ય કહેવાય નહી, કારણ કે, જ્યાં સુધી કરેલા ઠરાવો માત્ર તાળીઓના નાદ સાથે વધાવી લેવામાં આવેલા હોય અને તેનો અમલ થાય નહીં, ત્યાં સુધી તેઓને જૈન પ્રજાના હૃદયમાં જાગ્રત રાખવાની પૂરેપૂરી આવશ્યકતા છે. આ વખતે કેટલાએક ઠરાવો નવા, ઉપયોગી અને જૈન પ્રજાની ધાર્મિક તથા સાંસારિક ઉન્નતિના કારણભૂત થઇ પડે તેવા છે, તે ઠરાવોને જૈન પ્રજાના સ્થાનિક મંડલો જો અમલમાં મુકવાની કોશીશ કરશે તો આ વખતની કોન્ફરન્સની સાર્થકતા કેટલેક અંશે સંપૂર્ણ થશે. અને અમે આશા રાખીએ છીએ કે, કોન્ફરન્સદ્વારા કરવામાં આવેલી ભારત વર્ષના સમગ્ર સંઘની આજ્ઞાને દરેક જૈન બંધુ સ્વીકારવાને તત્પર થશે; કારણ કે, તીર્થરૂપ સંઘની આજ્ઞાનો ભંગ કરવાથી કેવી આલોયણા પ્રાપ્ત થાય, એ વાત પ્રત્યેક જૈન ગૃહસ્થ જાણે છે.

આ પાંચમી વિજયવતી જૈન કોન્ફરન્સમાં જે સખાવતનો વરસાદ વરષાવવામાં આવેલો છે તે, કોન્ફરન્સ સંબંધી જૈન ઇતિહાસના પૃષ્ટ ઉપર ઉત્તમ પ્રકારની કીર્તિને આપનારો બનાવ છે. ભારતવર્ષની જૈન પ્રજાના મહાતીર્થ સિદ્ધાચલના નિરીક્ષણની સર્વ સત્તાને ધારણ કરનાર રાજનગરના જૈન ગૃહસ્થોએ ખરેખરૂં પોતાનું સત્તામય સ્વરૂપ દર્શાવી આપ્યું છે અને ગુર્જર ભૂમિની ધર્મ કીર્ત્તિને પ્રકાશિત કરી રાજનગરની મહાન્ શોભામાં મોટો વધારો કર્યો છે, એ વાતમાં કોઈ જાતની અતિશયોકિત નથી. જૈન કોન્ફરન્સના મનોહર મંડપની ભુમિમાં રાજનગરના સખી ગૃહસ્થોએ કુબેરની જેમ ધર્મવૃદ્ધિ કરી કોન્ફરન્સને લક્ષ્મીવતી બનાવી છે. અને કોન્ફરન્સને અંગે રહેલા સાત ક્ષેત્રોમાં તેનો સદુપયોગ દર્શાવ્યો છે. વર્ત્તમાન કાલના બારીક સમયમાં નિર્ધનતાના કટુ ફલનો સ્વાદ લેનારી ભારતની આર્ય પ્રજાઓમાં જૈન પ્રજાના ગૃહસ્થોમાંથી ત્રણ લાખ જેટલી મોટી ગંજાવર રકમ ધાર્મિક ક્ષેત્રને માટે નિર્મિત થાય, એ કાંઇ જેવી તેવી વાત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ન કહેવાય. ભારતની સર્વ આર્ય પ્રજાને ચકિત કરનારી આ વાત છે. આ અદ્ભુત બનાવથી હિંદની સર્વ પ્રજા ચકિત થઇ છે અને તેમને એકે અવાજે જૈન પ્રજાની સખાવત અને ધાર્મિક વૃત્તિની પ્રશંસા હૃદયથી કરવી પડી છે. વીર પ્રભુના શાસનને દીપાવનારી અને ધર્મવીરતાના મહાન્ ગુણને પ્રગટ કરનારી રાજનગરના જૈન ગૃહસ્થોની ઉદારતાને અમે ધન્યવાદ આપીએ છીએ.

આ પાંચમી કોન્ફરન્સમાં બીજી એક હૃદયને આનંદ આપનારી અને જૈન પ્રજાની ભવિષ્યની શુભ સ્થિતિને દર્શાવનારી બીના બની છે, તે એ કે, જૈન મહિલા પરિષદ્‌ની સુંદર બેઠક કરવામાં આવેલી હતી. આજ કાલ ભારત ઉપર સ્ત્રી કેળવણીના યુગનો આરંભ થયેલો છે. આવા ઉત્તમ સમયમાં સ્ત્રીઓને જ્ઞાન આપવાની યોજના કરવાની આવશ્યકતા છે. શ્રાવિકાઓ સમાજ રૂપે એકત્ર થાય અને ધાર્મિક તથા સાંસારિક ઉન્નતિનાં ભાષણો આપવાને બાહેર પડે, એ બનાવ ખરેખર જૈન કોમની ઉન્નતિને સૂચવનારો છે. જો જૈન બાળાઓ કેળવણી લઇ આગળ પડશે તો કોન્ફરન્સના કાર્યને મોટામાં મોટું ઉત્તેજન મળશે. કારણ કે, જૈન કોમમાં જે હાનિકારક રીવાજો પેશી ગયા છે, તેનું મુખ્ય કારણ સ્ત્રીઓની અજ્ઞાનતા છે. તે અજ્ઞાનતાને જો સ્ત્રી કેળવણીથી દૂર કરવામાં આવી હોય તો જૈન કોન્ફરન્સના તે સંબંધી ઠરાવો સર્વ રીતે સફળ થયા વિના રહેશે નહિ.

રાજનગરની રમણીઓએ મહિલા પરિષદ્‌ની બેઠક કરી જૈનમાં સ્ત્રી કેળવણીને જાગ્રત કરી છે, તેમજ દરેક જૈન કોન્ફરન્સની સાથે શ્રાવિકાઓની બેઠક કરવાના સન્માર્ગને સૂચવ્યો છે. એ ખરેખર પ્રશંસનીય બનાવ બન્યો છે. તે બનાવનું અનુકરણ દરેક જૈનોએ કોન્ફરન્સની બેઠકોમાં અવશ્ય કરવા યોગ્ય છે.

આ પ્રમાણે વિજયવતી પાંચમી કોન્ફરન્સે પોતાનો વિજય નાદ કરી ભારત વર્ષની જૈન પ્રજાની ધાર્મિક અને સાંસારિક ઉન્નતિના શિખર ઉપર વિજય વાવટો ચડાવ્યો છે. રાજનગરના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધર્મ રસિક સંઘે સમગ્ર સાધર્મિ બંધુઓની પૂજા કરી શ્રાવક જીવનનું સાર્ફલ્ય સંપાદન કર્યું છે, અને ગુજરાતની રાજધાનીમાં તે ગુર્જર વીરોએ પોતાનાં ઐક્ય-કીર્તિ પ્રચારી પુરૂષના પરમ પ્રભાવને પ્રદર્શીત કર્યો છે. છેવટે તેવાજ ઉત્સાહથી ભાવનગરના ભાવિક ગૃહસ્થોએ કોન્ફરન્સને આમંત્રણ કરી વિશ્વના સમસ્ત સંઘની પૂજા ભક્તિ કરવાની ભવ્ય ભાવના પ્રગટ કરી છે.

આ પ્રસંગે અમારે જણાવવું જોઇએ કે, ભાવનગરનો સંઘ સૌરાષ્ટ્ર દેશમાં પ્રથમ પદ ધરાવે છે. તે પવિત્ર ભૂમિ ઉપર ધર્મનાં મોટાં મોટાં કાર્યો બનેલાં છે. આર્હત ધર્મના મહાન્ મુનિઓએ એ પવિત્ર ક્ષેત્રને પોતાના આગમનથી ઉત્તમ ધર્મ ક્ષેત્ર બનાવ્યું છે. પરમ પવિત્ર સિદ્ધાચલ તીર્થની પવિત્ર છાયાથી એ ક્ષેત્ર તિર્થમય બનેલું છે. તે તીર્થમાં ભાવિક જૈનોની સારી વસ્તી હોવાથી ભારતની જૈન પ્રજામાં તે સારી રીતે વિખ્યાત થયેલું છે. વળી કાઠીયાવાડના અગ્રણી રાજ્યોમાં એ રાજ્યની અગ્ર ગણના થાય છે અને ખાસ કરીને ભાવનગરના રાજ્યકર્તાઓ ધર્મિષ્ઠ હોવાથી તે રાજ્યની સર્વ પ્રજા સુખી ગણાય છે. વળી સર્વ ધર્મની પ્રજાને સંપૂર્ણ સહાય આપવાને ભાવનગરનું નમુનાદાર એકકું રાજ્ય ગણાય છે. આવા વીરક્ષેત્ર અને ધર્મક્ષેત્ર એવા ભાવનગરના સંઘના અગ્રેસરો જૈન કોન્ફરન્સનો વિજયનાદ કરવાને અને જૈન ધર્મના વીર શાસનને દીપાવવાને આગલ પડશે એમાં કોઇ જાતની શંકા નથી, કારણ કે, તે ધાર્મિક વીરો સમજે છે કે, જૈન કોન્ફરન્સથી અનેક જાતના ફાયદાઓ થાય છે. અને વિશ્વના સમસ્ત સંઘની સેવા ભક્તિ કરવાથી સાધાર્મિવાત્સલ્યનું મહા પુણ્ય સંપાદન થાય છે. વળી તે ઉપરાંત ભારત વર્ષની જૈન પ્રજામાં જે પોતાની ધર્મકીર્તિ અને ઉત્સાહ કીર્તિ પ્રખ્યાત છે, તે કીર્તિ જાળવી રાખવામાં તે પોતાનું ખરૂં કર્તવ્ય સમજે છે.

અમને સંપુર્ણ આશા છે કે, ભાવનગરના ભાવિક જૈન ગૃહસ્થો સંપના ઉંચા શિખર ઉપર ચઢી આવતી છઠી કોન્ફરન્સ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નો વિજય વાવટો ફરકાવી જૈન કોન્ફરન્સના વિજય નાદથી ગગનને ગજાવી મુકશે. અને વીર શાસના મહાન્ તેજને ચલકાવવાને યથા શક્તિ તન, મન, અને ધનથી ભગીરથ પ્રયત્ન કરશે. તેમના તે સ્તુત્ય પ્રયત્નમાં તેઓ ફતેહમંદ થાઓ અને વીરધર્મના શાસન દેવતા તેમના સર્વ અંતરાયને દૂર કરો.

તથાસ્તુ.

# બ્રહ્મચર્ય પ્રભાવ.

## નર્મદાસુંદરી.

( અંક ૫ માના પૃષ્ટ ૧૧૬ થી શરૂ. )

### આશ્વાસન.

એક વખતે નર્મદાસુંદરી પોતાના આવાસના ગોખ ઉપર બેઠી હતી. સાદો છતાં સુંદર પોશાક પહેર્યો હતો, તેના ઉચિત પોશાકમાં તે ઘણીજ દેદિપ્યમાન લાગતી હતી. મુખ ઉપર તાંબુલની રક્ત પ્રભા પડી હતી. તેના ગૌર મુખની સાથે રંગિત થયેલો રક્ત ભાવ તેની રમણીયતામાં વધારો કરતો હતો. ગોખની એક બાજુ પુસ્તક અને બીજી બાજુ સૂર્યના પ્રતિબંબ જેવો એક સુંદર અરીસો પડયો હતો.

આ પ્રમાણે શ્રૃંગારની સામગ્રી દેખાતા છતાં તેણીનો દેખાવ શોકમય હતો. ચળકતા લલાટ ઉપક ચિંતાની ત્રિવળી પડી હતી. મુખના વર્તુલ ઉપર શોકના અંકુરો છવાઇ રહ્યા હતા. ચિંતામાં મગ્ન થએલી નર્મદાસુંદરીની મનોવૃત્તિ ઉદાસીનતાને ધારણ કરી રહી હતી. કમલના જેવા નેત્રમાંથી અશ્રુબિંદુઓ ક્ષણે ક્ષણે ટપકતાં હતાં.

આમ એ શ્રાવિકા શોકાતુર થઇને બેઠી હતી, તે વખતે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મહેશ્વરદત્ત તેના આવાસમાં દાખલ થયો. હવે મહેશ્વરદત્ત જુદીજ ભાવનામાં પ્રવિષ્ટ થયો હતો. તેના અંતરંગમાંથી મિથ્યાત્વની મલિન છાયા નાશ પામી ગઇ હતી હમણાં તે ખરેખરો શુદ્ધ શ્રાવક બન્યો હતો. વિદુષી અને નિર્મલ હૃદયની નર્મદાસુંદરીએ પોતાના પતિનો મિથ્યાત્વરૂપ કર્દમમાંથી ઊદ્ધાર કર્યો હતો. એ ચતુર શ્રાવિકાએ સ્યાદ્વાદ સિદ્ધાંતનું સ્વરૂપ પ્રગટ કરી મહેશ્વરદત્તના મિથ્યાત્વ ભરેલા વિચારને ફેરવી નાખ્યા હતા. મહેશ્વરદત્ત અને નર્મદા-સુંદરીનો સંસાર ખરેખરો શ્રાવક સંસાર બન્યો હતો. તેમના ગૃહ સંસારમાં શ્રાવકનો સદાચાર સેવાતો હતો. સમાન ધર્મના પ્રભાવથી એ શ્રાવક દંપતી ધર્મ સહિત સંસાર સુખનો અનુપમ સ્વાદ લેતા હતા.

મહેશ્વરદત્ત ગોખે આવી ઉભો રહ્યો, ત્યાં પોતાની પ્રેમ પ્રતિમારૂપ શ્રાવિકા શોકમય બનેલી તેના જોવામાં આવી. પતિના દર્શનથી પ્રફુલ્લિત થનારી અને પ્રેમમય આનંદના ઉત્તમ અનુભવને કરનારી નર્મદા સુંદરીને આમ શોક કરતી જોઇ મહેશ્વર-દત્ત વિચારવામાં પડયો. તરતજ તેણે ઇંતેજારીથી પોતાની પ્રિયાને પુછવા માડયું–પ્રિયા, તમારા સુખચંદ્ર ઉપર શોકની છાયા કેમ દેખાય છે? તમારી પાસે એક તરફ જ્ઞાનનું અને એક તરફ શ્રૃંગારનું સાધન પડેલ છે,આવી સ્થિતિમાં તમારૂં શોકમય દર્શન થાય છે, એ મારા હૃદયમાં અતિશય આશ્ચર્ય ઉત્પન્ન કરે છે. પ્રાણેશ્વરી, આમ અચાનક શું થયું તે સત્વર જણાવો. શું તમે કાંઇ સ્વધર્મથી ચુકયાં છો? અથવા કોઇએ તમારા પવિત્ર હૃદયને દુભાવ્યું છે? વા કોઇ દુરાચારી તમારા સતીત્વને કલંકિત કરવા તો નથી આવ્યો? પ્રિયા, જે હોય તે સત્વર કહો, મારા ચંચલ મનમાં અનેક કુતર્ક થયાકરે છે.

મહેશ્વરદત્તના આવા વચન સાંભળી સતીશ્રાવિકાએ વિનયથી સાશ્રુવદને જણાવ્યું. પ્રિયપતિ, બીજા કુતર્કો કરશો નહીં, આ સતી શ્રાવિકાને કલંકિત કરનાર કોઇપણ છે નહીં. સતી ધર્મની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દ્રઢતાને ધારણ કરનારી શ્રાવિકાઓની આગલ દુરાચારી ટકી શકતા નથી. જૈનશાસનના પ્રભાવિક દેવતાઓ સતી શ્રાવિકાની સર્વ રીતે રક્ષા કરે છે. ભારતની ભવ્ય સતીઓએ જે કીર્તિ મેળવી છે, તે કીર્તિને કલંકિત કરનાર કોઇપણ દુરાચારી પુરૂષ સમર્થ થઇ શકતો નથી. સ્વામિનાથ, એવું કાંઇ વિપરીત બન્યું નથી, અને મારા હૃદયમાં તેનો કોઇ બીજો પણ શોક ઉત્પન્ન થયો નથી પણ જે શોક ઉત્પન્ન થયો છે, તે ધર્મની વિરાધના અને તેને અંગે તમારા ભવિષ્યના વિયોગનોજ ઉત્પન્ન થયેલો છે. નર્મદાના મુખમાંથી આ પ્રમાણે સાંભળી મહેશ્વર સાશ્ચર્ય થઇ બોલ્યો–પ્રાણેશ, એવી શી બાબત બની છે ? જ્યાં સુધી તમે કહેશો નહીં, ત્યાંસુધી મારા હૃદયમાં શોક શંકુ સાલ્યા કરે છે. નર્મદા નમ્ર વચનથી બોલી–સ્વામિનાથ, ક્ષણવાર પેહેલા હું અહીં બેઠી બેઠી તાંબૂલ ચાવતી હતી, અને મારા રક્ત અધરના સૌંદર્યને દર્પણમાં જોતી હતી. આદર્શની અંદર મુખ શોભાને નિરખવામાં તલ્લીન થયેલી એવી હું રજોગુણને વશ થઇ ગઇ અને મારા મુખમાંથી તાંબુલ નીચે પડી ગયું, તે વખતે કોઇ સાધુ નીચે જતા હતા, તેમની ઉપર તે તાંબુલ પડયું. તરતજ તે સાધુએ ઉંચે જોયું, ત્યાં હું જોવામાં આવી. તે જ્ઞાની મુનિને મને જોતાંજ ઘણો કોપ ચડયો. અને તેઓ બોલ્યા કે–" અરે પ્રમાદી સ્ત્રી, અમારા જેવા મુનિની આશાતના કરવાથી તું તારા પતિનો વિયોગ પામીશ. " આ પ્રમાણે તે મુનિનો શાપ સાંભળી હું કંપાયમાન થઇ ગઇ, તરતજ ગોખ ઉપરથી નીચે ઉતરી હું તેના ચરણમાં નમી પડી. અને મુનિની આગળ બે હાથ જોડીને હું બોલી " હે મુનિરાજ, હું પ્રમાદી, મૂર્ખ અને દુર્ભાગ્ય છું. મેં આ અવિનીત કાર્ય ભુલથી કર્યું છે, તે ક્ષમા કરો. હું એક જિનની ઉપાસિકા, પામર શ્રાવિકા છું. હે વિશ્વવત્સલ, હે દયાસિંધુ , આપ તો મહાત્મા છો, મારો અપરાધ ક્ષમા કરો. જૈન મુનિઓના હૃદયમાં ક્રોધ હોતો નથી, તેઓ કદિપણ ક્રોધ અને મોહ રાખતા નથી. પોતાનો નાશ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થાય તોપણ તેઓ સમદૃષ્ટિ રાખે છે; માટે હે પવિત્ર મુનિ, આ અજ્ઞ શ્રાવિકાને આપેલો શાપ પાછો ખેંચી લ્યો..

સ્વામી, મારાં આ વચન સાંભળી, તે યતિ શાંત થઈ ગયા. તેમના દયાળુ હૃદયમાં પાછી દયા રૂપ લતા અંકુરિત થઈ ગઈ. મુનિ શાંત સ્વભાવે બોલ્યા—વત્સે, તું ખેદ કરીશ નહીં, જૈન મુનિઓ કદાપિ શાપ દેતા નથી. આર્હત શાસ્ત્રમાં કહ્યું છે કે, "રાગ દ્વેષનો ઘાત કરનારા મુનિઓ વંદન કરવાથી ખુશી થતા નથી, અને હીલના કરવાથી ખેદ પામતા નથી, પરંતુ તેઓ પોતાના ચિત્તનું દમન કરીને વિચરે છે. હે શ્રાવિકા, જે મેં તને તારા પતિનો વિયોગ થવાનું કહ્યું છે, તે શાપ નથી પણ તારૂં ભવિષ્ય કહ્યું છે. કોઈના કહેવાથી કોઈનું શુભાશુભ થઈ જતું નથી, પણ પોતાના કર્મના ઉદયથી શુભાશુભ થયા કરે છે. દરેક પ્રાણીને પોતાનું કૃતકર્મ ભોગવવું પડે છે; કરેલાં કર્મને ભોગવતાં કયો પુરૂષ ખેદ પામે ? હે શ્રાવિકા, તારે પુર્વ કર્મના ઉદયથી પતિ વિયોગ થવાનો છે. અને તે મેં તને ભવિષ્યરૂપે સૂચવ્યો છે, તું બહાદુર અને સતી શ્રાવિકા છું, માટે ધૈર્ય રાખીને તે દુઃખ સહન કરજે"

પ્રાણેશ, આ પ્રમાણે મને ઊપદેશ આપી તે મુનિ પોતાને માર્ગે ચાલ્યા ગયા. તે પછી હૃદયમાં આપના વિયોગનું દુઃખ ધારણ કરતી હું પાછી ગોખમાં આવીને શોકાતુર બેઠી છું. તેવામાં તમે આવી પહોંચ્યા. નર્મદાસુંદરીની હકીકત સાંભળી મહેશ્વરદત્ત બોલ્યો, પિયા, તમે સુજ્ઞ શ્રાવિકા છો, અને જૈન ધર્મનું સ્વરૂપ સમજો છો, તેથી તમારે અપશોષ કરવો ન જોઈએ. કર્મનું સ્વરૂપ વિચિત્ર છે. ગમે તેટલું કરીએ તો પણ ભોગનીય કર્મ ભોગવ્યા વિના છુટકો નથી. તમારે અને મારે વિયોગ થવાનો કર્મયોગ હશે તો તે અવશ્ય થયા વિના રહેશ નહીં. તેને માટે શોક નહીં કરતાં હિંમત રાખો. તમે નિરાબાધપણે ધર્મ આચરો. ધર્મથી સર્વ સુખ સંપાદન થઈ શકે છે. ચિંતામણિ અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કલ્પવૃક્ષ સમાન એવો ધર્મ આ લોક તથા પરલોકના સુખને આપે છે. પેથા, તમે આર્હત ધર્મના પરમ ઉપાસક છો. તમારા હૃદયમાં સતીધર્મનો ઉજ્વલ પ્રભાવ પ્રકાશિતછે. તમારા જેવી પવિત્ર સતી સાધ્વી આગલ કોઇ જાતિના અંતરાય આવી શકતા નથી. પ્રાણેશ્વરી, હિંમત ધારણ કરો અને તમારા શ્રેષ્ઠ જીવનની શોભામાં ધર્મથી વધારો કરો.

મહેશ્વર દત્તના આવા આશ્વાસન ભરેલાં વચન સાંભળી નર્મદાસુંદરીએ શોક ત્યજી દીધો અને ધૈર્યવતી થઇને નિરાબાધપણે ધર્મ પાલતી સુખે રહેવા લાગી.

અપૂર્ણ.

---

# કચ્છ મહોદય.

## મુનિ વિહારનો મહા પ્રભાવ.

કચ્છ દેશની પવિત્ર ભૂમીમાં જ્યારથી મહા મુનિરાજ શ્રી હંસવિજયજી મહારાજ તથા પંન્યાસ શ્રી સંપતવિજયજી મહારાજની પધરામણી થઇ છે, ત્યારથી ત્યાં ઉત્તરોત્તર કચ્છની જૈન પ્રજામાં ધાર્મિક ઉન્નતિ જોસ ભેર થવા લાગી છે. વિવિધ પ્રકારના ધાર્મિક ઉત્સવોથી કચ્છ ભૂમીમાં આર્હત ધર્મનો મહા પ્રભાવ પ્રકાશમાન થયા કરે છે અને કચ્છી જૈન પ્રજા પોતાના શ્રાવક જીવનનું સાફલ્ય સંપાદન કરવાને ગુરૂમુખના ઉપદેશનો સ્વીકાર કરી ધર્મ પરાયણ થવા લાગી છે.

આ ફાલ્ગુન માસની શુક્લ તૃતીયાને દિવસે કચ્છ દેશમાં આવેલા મોટી ખાખર ગામમાં એક પ્રતિષ્ઠા મહોત્સવ કરવામાં આવ્યો હતો. ત્યાં મોટી સુંદર અને વિશાળ ત્રણ દેરીઓ કરવામાં આવી છે, અને તેમાં ઘણી સુંદર પ્રતિમાઓ પ્રતિષ્ઠિત કરવામાં આવી છે. મધ્ય ભાગમાં આવેલા દેવાલયમાં આર્હત ધર્મના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Ganmandir



આદિ ઉપકારી શ્રી રૂષભદેવ સ્વામીના પ્રાચીન પગલાંની પ્રતિષ્ઠા કરવામાં આપી છે. આ પગલાં શ્રી વિજયસેન સૂરિના શિષ્ય શ્રી વિવેકહુર્ષગણી મહારાજે સંવત્ ૧૬૫૭ ના વર્ષમાં માઘ શુકલ દશમી અને સોમવારે કરેલાં છે. આ પ્રભુના પ્રાચીન પાદુકાની સાથે તીર્થરાજ સિદ્ધાચલજીનો નમુનાદાર કોરણીવાલો સુંદર શિલાપટ સ્થાપન થવાનો છે, જે બંનેના દર્શન ઘણાંજ લાભકારી થઇ પડશે.

તેની એક બાજુ આવેલી સુંદર દેહેરીમાં આદીશ્વર પ્રભુના આદ્ય ગણધર પુંડરીક મહારાજની અને બીજી તરફની દેહેરીમાં વર્તમાન કાલના મહોપકારી સ્વર્ગસ્થ ગુરૂ **વિજયાનંદ સૂરીશ્વર**-ની મનોહર મૂર્તિઓ સ્થાપિત કરવામાં આવી છે. પુંડરીક ગણધરની મૂર્તિની પાસે શ્રી હીરવિજયસૂરી અને શ્રી વિજયસેન સૂરિ મહારાજના પ્રાચીન પગલાં પ્રતિષ્ઠિત કરવામાં આવ્યાં છે. એ પગલાં પૂર્વે સંવત્ ૧૬૫૭ ના વર્ષમાં પ્રતિષ્ટત થયેલાં હતાં. ભારત વર્ષના સહેનશાહ અકબરને પ્રતિબોધ આપનારા અને આર્હત પ્રજાના મહાન્ ઉપકારી શ્રી હીરવિજયસૂરિના એ પાદુકાનું દર્શન દરેક ભાવિક જૈન પ્રજાના સંતાનને તેમની પ્રાચીન ધર્મ કીર્તિને સ્મરણ કરાવનારૂં અને પુણ્યને વધારનારૂં થઇ પડશે. તે શિવાય તીર્થરાજ સિદ્ધાચલના પવિત્ર પ્રભાવને દર્શાવનાર **શત્રુંજય વિહાર** નામના મોટા દેવાલયમાં આર્હત શાસનની અધિષ્ઠાયક દેવી ચક્રેશ્વરી દેવી અને ગોમુખયક્ષની મુર્તિઓ વિરાજિત કરવામાં આવી છે.

આ પ્રભાવિક પ્રતિષ્ઠાના પરમ પુણ્યનો લાભ બે જૈન ગૃહસ્થોએ લીધો છે. તેજ સ્થલના નિવાસી **શેઠ નેણસીભાઈ દેવરાજ** અને વડોદરાના ઝવેરી **શેઠ ગોકુલભાઈ** એ બંને જૈન ગૃહસ્થોએ તે કાર્યમાં સંપૂર્ણ સહાય આપી શ્રાવક જીવનની સફલતા સંપાદન કરી છે, અને વીર શાસનના દિવ્ય પ્રભાવને પ્રકાશિત કરી ધર્મનો સારો ઉદ્યોત કર્યો છે. આ પ્રસંગે કચ્છ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ની જૈન પ્રજાએ જે ઉત્સાહ દર્શાવ્યો છે, તે અવર્ણનીય છે. આ બધો પરોપકારી મુનિવર હંસવિજયના ઉપદેશવાણીનો પ્રભાવ છે. તે મહાનુભાવે પરીસહ સહન કરી કચ્છની કઠોર ભૂમિમાં વિહાર કરી ત્યાંના ઉષર ક્ષેત્રોને નવપલ્લવિત કર્યાં છે, તે ખરેખર ધન્યવાદને પાત્ર છે. એ મહાનુભાવનું અનુકરણ બીજા મુનિઓએ પણ અવશ્ય કરવા યોગ્ય છે.

# મુનિરાજ શ્રી હંસવિજયજીનું ભાષણ.

થોડા વખત પહેલાં કચ્છના માંડવી બંદર નામના શહેરમાં શેઠ લખમશી રાજપાળ તરફથી ત્યાંની પાઠશાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને ઉત્તેજન નિમિત્તે ઇનામો આપવાનો એક મેળાવડો મળ્યો હતો. તે પ્રસંગે ભવ્ય જીવોના ઉપકારાર્થે સતત વિહારી એવા મુનિરાજ શ્રી હંસવિજયજીએ સભા સમક્ષ આપેલું ભાષણઃ—

जाड्यं धियो हरति सिंचति वाचि सत्यम्
मानोन्नतिं दिशति पापमपाकरोति ।
लक्ष्मीं तनोति वितनोति च दिक्षु कीर्तिम्
किं किं न साधयति कल्पलतेव विद्या ॥

આ ભવ્ય મેળાવડો જોઇ દરેક મનુષ્યના મનરૂપ માનસ સરોવરમાં આનંદની ઉર્મિમાળા ઉછળે એ સ્વાભાવિક છે, કારણકે આવા ઉત્તમ મેળાવડા સારા ઉદયના સૂચક હોયછે, એટલુંજ નહિ, બલ્કે સંપની અભિવૃદ્ધિ કરી ઐક્યતાની આબેહુબ છાપ પાડે છે, એ નિઃસંશય વાત છે.

આવા મેળાવડા પાશ્ચિમાત્ય કેળવણીના પ્રભાવથી હાલમાંજ શરૂ થયા છે એવું મારૂં માનવું નથી; કારણકે ૨૪૩૩ વર્ષ ઉપર થઇ ગએલા શ્રી મહાવીર સ્વામી જ્યારે વ્યાખ્યાન આપતા ત્યારે એક બીજાના કટ્ટા શત્રુઓ પણ મિત્રતાથી સાથે બેસી ધર્મ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શ્રવણ કરતા, અને પરમાત્માના વચન ઉપર વિશ્વાસ રાખી એક બીજાના સહવાસમાં આવી શત્રુતાને તો દેશવટોજ આપતા. પણ દુર્ભાગ્યે તેવા ઉપદેશક મ્હાહાત્માનો અભાવ થયો, અને પાછળથી કુસંપે પગ પેસારો કર્યો તેથી તેવા સાર્વજનિક મેળાવડાનો રીવાજ ક્રમથી લુપ્તપ્રાય થતો ચાલ્યો, પરંતુ સુભાગ્યે પાછો તે રીવાંજ શરૂ થયો, તે પાશ્ચિમાત્ય કેળવણીને આભારી છે, એમ કહેવામાં કાંઇ અતિશયોક્તિ નથી. આ પણ એક ભારતભૂમિનાં ઉદયનાં ચિન્હો છે

માટે ઉદય ઇચ્છનારાઓએ સંપ કરવાની ખાસ જરૂર છે. **સંપ વિના જંપ નથી** એવું આપણે સર્વ કોઇ જાણીયે છીયે તે છતાં કુસંપનાં બિજ વાવીએ તો તેનાં કેવાં કડવાં ફળ ઉત્પન્ન થાય તે તો આપ સર્વ સમજી શક્તા હશો તથાપિ મ્હારે હિતાર્થ બુદ્ધિએ જણાવવું જોઇયે કે થોડા કુસંપથી પણ થોડા મોટો અનર્થ સહન કરવો પડે છે. કેમકે વૃક્ષથી જુદો પડેલો કાષ્ઠદંડ લોઢાના કુહાડા સાથે મલી જઇ વૃક્ષ શ્રેણિનોજ નાશ કરનાર નિવડે છે માટે કુસંપનો પગ પેસારો ન થવા દેવો તેજ સર્વોત્તમછે.

મહાશયો, સંપમાંજ ખુબી રહેલી છે. દેખો, સુતરના કાચા તાંતણા એકઠા થઇ મોટા ગજેંદ્રને પણ વશ કરી નાખે છે ત્યારે સંપીલા મનુષ્યો શું ન કરી શકે ? અલબત ધારે તે કરી શકે. મહાશયો આ વિદ્યાલયનો લાભ લેવા તમે ભાગ્યશાંળી થયા છો તે સંપનીજ કુદરત છે વાસ્તે સંપની આવશ્યક્તા છે.

સજ્જનો, હવે કયા નિમિત્તને લઇ આ સંપીલો મેળાવડો થયો છે તે બાબત હું આપના આગળ રજુ કરૂં છું. સુહૃદો, આ મેળાવડો જ્ઞાનોત્તેજન નિમિત્તે બનેલો છે, કારણકે વિદ્યાર્થીઓને આજે શાહ લખમશી રાજપાલ તરફથી ઇનામ આપવાનું છે. ઇનામો મળવાથી વિદ્યાર્થીઓ શિક્ષણ લેવામાં ઉત્સાહ ભર્યો ભાગ લે એ સ્વાભાવિક વાત છે એટલુંજ નહીં પણ આગળ કેમ વધાય તેની તજવીજમાં તલ્લીન થાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઇનામ એવી ચિજ છે કે જેને વાસ્તે શુરો માણુસ મહા ભયંકર રણુસંગ્રામમાં પણુ ઝંપલાઇ પડે છે. તેવી રીતે વિદ્યાર્થીયો જ્ઞાનશાળામાં અહંપૂર્વીકાથી હાજર થાય છે અને તેમની સંખ્યામાં પણુ વૃદ્ધિ થાય છે. થોડા વખત ઉપર સ્થાપન થએલી મુદ્રા જૈન પાઠશાળા અને કન્યાશાળા સેંકડો બાલક બાલીકાઓ ને આકર્ષણુ કરી શકી તે વારંવાર થતા ઇનામના મેળાવડાનેજ આભારી છે. વાસ્તે વારંવાર આવા ઇનામના મેળાવડા કરી વિદ્યા-વૃદ્ધિનાં સાધનો મેળવી આપવાં એ પોતાની વિભૂતિનો સદુપયોગ કહેવાય, તેમાં કાંઇ અતિશયોક્તિ નથી. **परोपकाराय सतां विभूतयः** એ મહા વાકયને વળગી રહી દરેકે દરેક મનુષ્યે પરોપકાર કરવા કટીબદ્ધ થવું ઉચીત છે. પરોપકારમાં પણુ વિદ્યા ઊત્તેજન-નો ઉપકાર સર્વોપરિ પદ ધરાંવે છે, તેનાથી ઉત્તેજિત થએલા વિદ્વાનો હાનિકારક રીવાજના શત્રુ બને છે. નિર્વિવેકી મનુષ્યો જોડા પહેરી ગંદી ગલીયોમાં **इच्छामि खमासमण**નો પાઠ બોલી જ્ઞાનની આશાતના કરે છે, ત્યારે કેળવાયલા તમારા બાળકો વિધિ સહિત ગુરૂવંદન કરી પુણ્ય પ્રાપ્ત કરશે, અને હાનીકારક રીવાજોને તોડી પાડવા ભાગ્યશાળી બનશે. આ પ્રસંગે મારે આપ સર્વને જણાવવું જોઇયે કે હાનીકારક રીવાજો ઘણા છે પરંતુ હાલ બે રીવાજોને તો એકદમ બંધ કરી નાખવા હું ખરેખર ખાસ ભળામણ કરૂં છું, તેમાં પ્રથમ તો

વિલાયતી કેસર ખાવામાં કે પૂજામાં બીલકુલ વાપરવું નહિ, કારણકે તેમાં ગાયના આંતરડાના સુક્ષ્મ કટકા ભેળવી દેવામાં આવે છે, અને તેમાં ચમક લાવવા ગાખણુ અને ચરબી લગાવવા-માં આવે છે, એટલુંજ નહિ પણુ દારૂનો પાસ પણુ આપવામાં આવે છે. વાસ્તે હઠ્ઠા છાપનું પવિત્ર કેસર વાપરવા ત્રણે દેરાસર-ના અગ્રેસર સુકાનીયોએ તાબડતોબ બંદોબસ્ત કરવો જોઇએ.

બીજો રીવાજ જમણુમાં રાત્રી ભોજન થાય છે, તે ખરેખર જૈન કોમને કલંક લગાડનાર છે, તે બંધ કરવાથી જીવોની દયા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બળવા સાથે ખર્ચનો પણ બચાવ થવા સંભવ છે. રાત્રી ભોજનથી પોતાના અને પરાયા પ્રાણોનો વિનાશ થવા સંભવ છે, માટે તે અવશ્ય બંધ થવું જોઇયે.

કદાપિ તમે એમ કહેવા માગતા હશો કે, નાતના ઠરાવ સિવાય તે પળી શકે તેમ નથી, તો હું કહીશ કે જો આ સભાની અંદર હાજર થયેલા તમે સર્વ બાળ બચ્ચાં સાથે હાથ જોડી રાત્રે જમણ જમવાનો ત્યાગ કરો તો શું તમારા નાતીલા ભાઇઓ તમને મૂકીને જમવા મંડી પડશે. ના કદાપિ એમ નહિજ બને.

કદાપિ સ્થાનક વાશીયોનું બહાનું કાઢશો તો તે—ઇહાં લાગું પડે તેમ નથી. કારણ કે તેમના ધર્મગુરૂઓ પણ રાત્રી ભોજનના ત્યાગનુંજ ફરમાન કરેછે માટે તમેજો હિંમતના હિમાયતી હો, દયાનો દાવો કરનાર હો તો હાથ જોડી આ દુષ્ટ રીવાજને દેશવટો આપો એટલુંકહીહું મૂળ ઊદ્દેશ ઊપર આવી આપને ખચિત ખચિત ખરેખર ભાર મૂકી કહુંછુંકે તન મન ધનથી તમે જ્ઞાનને ઊત્તેજન આપતા રહેશો તો આ લોક પરલોકમાં સુખી થશો એટલું કહી આવ્યાખ્યાન ખતમ કરૂં છું.

ભાષણની અસર થતાની સાથે ત્રણ દેરાસરોના અથેસરોએ પવિત્ર કેસર મંગાવી લેવા મિત્રમંડળના સુકાનીને પરવાનગી આપી છે અને રાત્રી જમણનાં પચ્ચખાણ પણ કેટલાએક અગ્રેસર સદ્ગૃહસ્થોએ કર્યાં છે.

# સન્માન મહોત્સવ.

વસંતોત્સવને ઊજવવાના ફાલ્ગુન માસના દિવસોમાં ભાવનગરની જૈન પ્રજામાં પોતાના એક ધર્મવીર પ્રખ્યાત સધર્મીબંધુને સન્માન આપવાના મહોત્સવો કરવામાં આવ્યા હતા. રાજનગરમાં ભરાએલી પાંચમી જૈન કોન્ફરન્સના માનવંતા પ્રમુખ રાયબહાદૂર સીતાબચંદ્રજી પોતાના વિદ્વાન પુત્રોના પરિ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વાર સાથે ભાવનગરમાં આવ્યા હતા. તીર્થરાજ સિદ્ધાચલની ચાત્રા કરી પાછા ફરતાં તેમને ઘણા આગ્રહથી ભાવનગરના સંઘે બોલાવ્યા હતા. તેમના આગમન વખતે ભાવનગરના જૈન વર્ગે તેઓને ભારે આવકાર આપ્યો હતો. તેમના પ્રવેશોત્સવમાં ભાવનગરની જૈન પ્રજાએ જે ઉલટભેર ઉમંગ દર્શાવેલ, તે અવર્ણનીય હતો.

સ્ટેશનપરથી ચાલતાં રસ્તે ઠેકાણે ઠેકાણે સન્માનોની વૃષ્ટિથી વ્યાપ્ત થયેલા બંગાલના ધર્મવીર બાબુ સાહેબ અત્રેના નાકુ બાગમાં ગોઠવેલા દરબારી ઉત્તમ ઉતારામાં આવ્યા હતા, કારણ કે, તે માનવંતા સાહેબ નામદાર મહારાજા સાહેબના અતિથિ તરીકે રહેવાના હતા. તેમના આતિથ્યને માટે રાજ્ય તરફથી ઉંચી જાતની ગોઠવણ કરવામાં આવી હતી.

અહીંના સંઘ તરફથી બાબુ સાહેબના આતિથ્યને માટે જુદી જુદી ગોઠવણવાળું પ્રોગ્રામ ઘડી કાઢવામાં આવ્યું હતું. ભાવનગરના ભવ્ય મંદિરોમાં જિન દર્શન અને જિન પૂજા કરી એ ધર્મવીર પુરૂષે મધ્યાન્હ પછી જૈન બોર્ડીંગની મુલાકાત લીધી હતી. તે પ્રસંગે અત્રેની સામલદાસ કોલેજના પ્રીન્સીપાલ મી. સંજાણા સાહેબ પધાર્યા હતા. અને પ્રસંગને અનુસરતાં રાજભાષામાં સારાં સારાં ભાષણો થયાં હતાં.

તેજ દિવસે રાત્રે પેહેલા પોહોરમાં દાદા સાહેબવાલી જગ્યામાં બાબુ સાહેબના માનને માટે સંઘ તરફથી એક જાહેર મેલાવડો કરવામાં આવ્યો હતો. જેની અંદર ભાવનગરના જૈન સંઘના બાલ, તરૂણ અને વૃદ્ધ જનસમૂહે મોટો ભાગ લીધો હતો. તે રમણીય પ્રસંગે પ્રમુખ સ્થાન ઉપર રાયબહાદૂર બિરાજ્યા પછી તેમના વિદ્વાન પુત્ર રાયબહાદૂર મણીલાલજીએ તથા મી. અમરચંદ વી. પરમારે કોન્ફરન્સથી થતા ફાયદા વિષે ઘણું અસરકારક ભાષણ કરી જૈનવર્ગનીમનોવૃત્તિને વિષે જૈન કોન્ફરન્સ માટે ઉચ્ચ ભક્તિભાવ જાગ્રત કર્યો હતો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તે પછીના ત્રીજા દિવસના મંગલમય પ્રભાતમાં બાબુસાહેબ ભાવનગરની જૈન ભેજમબાઇ કન્યાશાલામાં પધાર્યા હતા. ત્યાં બાલ શ્રાવિકાઓની પરીક્ષા લેવાતાં તેઓ સાહેબ ઘણોજ આનંદ પામ્યા હતા. અને બાળાઓને ઓઢણી વગેરે કીંમતી ઉપહાર સાથે ઉત્તમ પ્રકારના બોધવચનો પણ આપ્યાં હતાં.

તે પછી મધ્યાન્હોત્તર બેવાગે લોઢીપોશાલના નામથી પ્રખ્યાત એવા વિશાલ સ્થાનમાં રાયબહાદુરને માનપત્રો આપવાને મોટો મેલાવડો કરવામાં આવ્યોહતો, તેમાં અત્રેની પ્રસારક સભા, આત્માનંદ સભા અને પ્રબોધક સભા તરફથી જુદા જુદા ત્રણ માનપત્રો એનાયત કરવામાં આવ્યાં હતાં. ઉપરાંત અત્રેના જૈન બાલકોએ ઉભી કરેલી એક બાલ સભાએ પણ રાયબાહાદૂરને તકતામાં જડેલું એક લઘુ માનપત્ર અર્પણ કર્યું હતું. દાન, શીલ, તપ અને ભાવની પવિત્ર સંખ્યાને સૂચવનારાં એ ચાર માનપત્રોનેઅંગીકાર કરી ચાર વિદ્વાન પુત્રોના પિતા રાયબાહાદૂર બાબૂ સાહેબે સાનંદાશ્ચર્ય થઇ વિનયપુર્વક ઘટતા શબ્દોમાં તેનો પ્રત્યુત્તર આપ્યો હતો આ ભવ્ય પ્રસંગે અમારી આત્માનંદ સભાના ઉપપ્રમુખ શેઠ ગુલાબચંદ આણંદજીએ, આત્માનંદ સભાના મૂલ ઉત્પાદક સ્વર્ગવાસી મૂળચંદ નથુભાઇ, ગાંધી વીરચંદ રાઘવજી બી. એ. અને શા. હરિચંદ નથુભાઇ બેરીસ્ટરના પૂર્વોપકારી ગુણોનું સ્મરણ કરાવી ઘણા અસરકારક શબ્દોમાં વિવેચન કરી **રાયબહાદુર બાબુસાહેબને આત્માનંદ સભાના પેટ્રનનું પદ** સ્વીકારવાને **વિનંતિ** કરી હતી; જે વિનંતિ બંગાલના ધાર્મિક વીર રાયબહાદૂરે આનંદ પૂર્વક સ્વીકારી હતી. જેને સર્વ લોકોએ જયધ્વનિ અને તાલીઓના નાદની સાથે ઉમંગથી વધાવી લીધી હતી.

આ પ્રસંગે લખવાને આનંદ ઉપજે છે કે, અમારી જૈન **આત્માનંદ સભાએ** બંગાલ ભૂમિના એક પ્રખ્યાત ધાર્મિક વીર અને રાજનગરની પાંચમી જૈન કોન્ફરન્સના માનવંતા પ્રમુખ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**રાયબહાદુર શ્રી સિતાબચંદ્રજીને એક પેટ્રન તરીકે સંપાદન કરી** પોતાની સંપૂર્ણ સાર્થકતા મેળવેલી છે. રાયબહાદુરે દર્શાવેલી આ સભા તરફની પૂર્ણ લાગણી તેમની ગુરૂભક્તિને વધારનારી છે. સ્વર્ગવાસી **વિજયાનંદસૂરિએ** ભારતની જૈન પ્રજા ઉપર અપાર ઉપકાર કરેલો છે, જેનો પ્રતિકાર કોઈપણ રીતે જૈન પ્રજાથી વાળી શકાય તેમ નથી. તથાપિ એ પવિત્ર સૂરિરાજના ઉપકારના સ્મરણ સ્થંભ તરીકે તેમના પવિત્ર નામની યાદગીરી રાખવાને સ્થપાએલી **શ્રી આત્માનંદ સભા** એ મહાનુભાવની ભક્તિ કરવાનું પરમ સ્થાન છે. એથી **રાયબહાદુર શ્રી સીતાબચંદ્રજી આ સભાના પેટ્રન થયા છે** તે તેમણે ખરેખરી ગુરૂભક્તિ દર્શાવેલી છે.

For Private And Personal Use Only